R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 23•ISSUE: 28 DATE: 13-07-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## એડીસી બદનક્ષી કેસમાં રાહુલ ગાંધી મેટ્રો કોર્ટમાં હાજર થયા : પર્સનલ બોન્ડ પર જામીન પર મુક્ત

નોટબંધી વખતે એડીસી બેન્ક દ્વારા પાંચ દિવસમાં ૭૪૫ કરોડની નોટો બદલવાના મુદ્દે રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યા હતા. અને રણદીપ સુરજેવાલાએ પ્રેસ ફોન્કરન્સ કરી હતી. આ મામલે એડીસી બેન્ક દ્વારા રાહુલ ગાંધી અને રણદીપ સુરજેવાલા સામે બદનક્ષીની બે ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. જેમાં મેટ્રો કોર્ટે સમન્સ ઈસ્યુ કરતાં કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી કોર્ટમાં હાજર રહ્યા હતા.એ.ચીફ મેટ્રો. મેજી.એન.બી.મુનશીએ પ્લી રેકર્ડ કરતાં પુર્વે પૃચ્છા કરી હતી કે ગુનો કબુલ છે. ત્યારે રાહુલ ગાધીએ ઈન્કાર કરીને કેસની સુનાવણી ચલાવવા માટે કહ્યુ હતું.બીજી તરફ ફરિયાદ પક્ષે રાહુલ ગાંધીને જામીન લેવા પડે તેવો કાયદાકીય મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. જેથી કોર્ટે રાહુલ ગાંધીને રુ. ૧૫૦૦૦ના પર્સનલ બોન્ડ પર જામીન મુક્ત કર્યા હતા. આ મામલે વધુ સુનાવણી૭ મી સપ્ટે. થશે.

એડીસી બેન્કના ચેરમેન અજય



પટેલ અને બેકે કોગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધી અને કોગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા રણદીપ સુરજેવાલા સામે આઈપીસીની કલમ ૫૦૦ મુજબ કોર્ટમાં બે ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદ બાદ કોર્ટે સીઆરપીસીની કલમ ૨૦૨ મુજબ તપાસનો આદેશ કર્યો હતો.જેમાં ફરિયાદી અને સાક્ષીના નિવેદન બાદ રાહુલ ગાંધી એ રણદીપ સુરજેવાલા સામે કોર્ટે સમન્સ ઈસ્યુ કર્યો હતા. આ મામલે રાહુલ ગાંધીને સમન્સની બજવણી થઈ હતી. જ્યારે રણદીપ સુરજેવાલાને સમન્સની બજવણી થઈ નહોતી.રાહુલ ગાંધીને સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયા હતા.કોર્ટે તેમને પૃચ્છા કરી હતી કે તમામ દસ્તાવેજ મળી ગયા છે. ત્યારે તેમના વકીલે ટ્રાન્સલેટ કોપી નતી મળી તેવું જણાવ્યુ હતું પછી કોર્ટે રાહુલને પુછ્યુ હતું કે તેમને ગુનો કબુલ છે. ત્યારે રાહુલે તેનો ઈન્કાર કર્યો હતો. અને કોર્ટે તેમનું સ્ટેમેન્ટ રેકોર્ડ કરીને હાજરી ભરી કેસ આગળ ચલાવવાની કાર્યવાહી હાથ ધરી હતી

## ૨૦૧૯-વાઇબ્રન્ટમાં ગુજરાત સરકારે પાર્ટનર દેશ તરીકે જોડાવા માટે ૨૫ દેશને ઓફર કરી હતી પરંતુ ૧૦ દેશે પાર્ટનર તરીકે જોડાવા ના પાડી હતી

રાજ્યમાં ૨૦૧૯ના જાન્યુઆરીમાં યોજાયેલા વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર દેશ તરીકે જોડાવા માટે અમેરિકા,બ્રિટન જેવા મોટા દેશોથી લઈને ઈથોપીયા જેવા નાના દેશ મળીને કુલ ૧૦ દેશોએ ઈન્કાર કર્યો હતો.વિધાનસભામાં અપાયેલી એક માહીતીના આધારે આ ઘટસ્ફોટ થયો હતો.ગુજરાત સરકાર દ્વારા કુલ ૨૫ દેશને સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા માટે ઓફર મોકલાઈ હતી.તેમાંથી ફક્ત ૧૫ દેશ જોડાવવા માટે તૈયાર થયા હતા.

જે દેશોએ પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવાનો ઈન્કાર કર્યો હતો તેમાં બ્રિટન,બ્રાઝિલ,સિંગાપોર,મલેશીયા,ઓમાન, અમેરિકા,સ્વીડન, રશિયા, ઈથોપીયા,અને જર્મનીનો સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવવા અનેક દેશ તૈયાર છે તેવા દાવા વહીવટી તંત્ર દ્વારા તે સમયે કરાયા હતા તેની આ વાસ્તવિકતા બહાર આવવા પામી હતી.ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હતી.

## કર્ણાટકમાં પણ ૧૦ ધારાસભ્યો ભાજપની સાથે જોડાવવા માટે રાજીનામાં આપ્યા પરંતુ તેમનો સ્વીકાર થયો નથી

કર્ણાટકમાં કોગ્રેસ અને જેડી(એસ) સરકારને આંચકો આપતાં ૧૦ એમએલએ રાજીનામાં આપ્યા છે. પરંતુ કોકડું ગુંચવાયેલું છે.સુપ્રીમના આદેશ બાદ સ્પીકરે રાજીનામું યોગ્ય ફોર્મેટમાં છે, પરંતુ તે યોગ્ય અને સ્વૈચ્છીક છે કે કેમ તેની ખરાઈ બાદ જ નિર્ણય લેવાશે.તત્કાળ નિર્ણય લેવાની શક્યતા તેમણે નકારી કાઢી છે.તેથી વિરોધીઓ તત્કાળ સરકાર ગબડાવવામાં સફળ બન્યા નથી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## અયોધ્યા વિવાદમાં સુમેળભર્યો ઉકેલ ન આવે તો સુપ્રીમમાં ૨૫ થી સુનાવણી શરુ કરાશે



સુપ્રીમ કોર્ટે રામ જન્મભુમિ-બાબરી મસ્જીદ અયોધ્યા જમીન વિવાદમાં ચાલી રહેલી મધ્યસ્થીની પ્રક્રિયા અંગે એક અઠવાડીયાની અંદર નવો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે.કોર્ટે સ્પષ્ટતા કરી છે કે જો આ વિવાદમાં પ્રશ્નનો સુમેળભર્યો ઉકેલ નહિ આવે તો તે ૨૫ જુલાઈથી આ મામલે રોજીંદા ધોરણે સુનાવણી કરશે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની અધ્યક્ષપદ હેઠળની પાંચ જજની બધારણીય બેન્ચે ત્રણ સભ્યોની મધ્યસ્થી પેનલના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના પુર્વ જજ જસ્ટીસ(નિવૃત) એફએમઆઈ કલીફુલ્લાને વિનંતી કરી હતી કે તે ૧૮ જુલાઈ સુધી આ રિપોર્ટ ચોયા બાદ જો એવું જણાશે તો કે મધ્યસ્થી થકી સુમેળભર્યા ઉકેલ નહીં આવે તો સુપ્રીમ કોર્ટ ૨૫ જુલાઈથી રોજીંદી સુનાવણી શરુ કરશે. બેન્ચે ઉમેર્યું હતું કે અમને એવું યોગ્ય લાગે છે કે જસ્ટીસ કુલીફુલ્લાને આજની તારીખ સુધી મધ્યસ્થીની પ્રગતિ અંગે માહીતી આપવાની વિનંતી કરવામાં આવે. આ પ્રક્રિયા હાલમાં કેટલે પહોચી છે તે અંગે જાણ કરે. તેઓ આગામી ગુરુવાર સુધી આ રિપોર્ટ ફાઈલ કરે અને એપછી જ અમે વધુ આદેશો જારી કરીશું.એક વાસ્તવિક અરજદારના કાનુની વારસદાર ગોપાલસિંહ વિશારદ દ્વારા ફાઈલ કરવામાં આવેલી અરજીની સુનાવણી વેળાએ સુપ્રીમ કોર્ટે આદેશ જારી કર્યો હતો.

## ભાજપના પુર્વ સાંસદને હત્યા કેસમાં આજીવન કેદની સજા

જુનાગઢના આરટીઆઈ એક્ટીવીસ્ટ અમિત જેઠવાની સોલા હાઈકોર્ટ પાસે ગોળી મારીને હત્યા કરવાના પ્રકરણમાં ભાજપના પુર્વ સાંસદ દિનું બોઘા સોલંકી.તેમજ તેમના અન્ય સાથીદારોને સ્પે. સીબીઆઈ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.કોર્ટે સાત આરોપીને સજા ઉપરાંત ૨૫ હજારથી લઈને ૧૫ લાખ સુધીનો દંડ કર્યો હતો.આ કેસમાં ફરી ગયેલા સાક્ષીઓ સામે કાર્યવાહી કરવા માટે પણ કોર્ટે આદેશ જારી કર્યો હતો.

## ગોવામાં કોગ્રેસના ૧૦ એમએલએ રાજીનામાં આપી ભાજપમાં જોડાયા

ગોવામાં કોગ્રેસ ના ૧૫ સભ્યોમાંથી ૧૦ સભ્યો પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ ગયા છે.ગોવામાં અત્યારે ભાજપની સરકાર છે૨૦૧૭માં થયેલી વિધાનસભાની ચુંટણીમાં સૌથી મોટા પક્ષ કોગ્રેસના સભ્યો એમએલએ તરીકે ચુંટાયા હતા.પરંતુ તેમને સરકાર રચવાની તક જ મળી નહીં.ગોવામાં ૪૦ સભ્યોની વિધાનસભામાં કોગ્રેસના ૧૫ સભ્યો પૈકી ૧૦ ભાજપમાં જોડાઈ ગયા છે.કેન્દ્રમાં ભાજપની સરકાર હવે બીનભાજપી રાજ્યોમાં તક ઝડપશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.૨

# ગરવી નવક્રાંતિ

આયારામ-ગયારામનો સીલસીલો કોંગ્રેસની દેન છે.જે વારસો હવે બીજેપી એ જાળવ્યો છે.ભાજપની સરકારો તોડવા માટે કોંગ્રેસે જે નીતિ રીતી અખત્યાર કરી હતી તેને અક્ષરસહ ભાજપે અપનાવી છે.જો કે કોંગ્રેસ કરતાં વધુ આધુનિક અને જબરજસ્ત રીતે તેણે આ કાર્ય પાર પાડ્યુ છે. ગોવા અને કર્ણાટક તેના તાજા ઉદાહરણો છે.કોંગ્રેસે કહ્યુ છે કે અમારા ધારાસભ્યો ચુંટાઈને ભાજપમાં ચાલ્યા જાય છે. ભારતીય રાજકારણની આ દારુણ અને દયનીય પરિસ્થિતિ માટે આખરે જવાબદાર તો તે જ છે.સત્તા હસ્તગત કરવા માટે નીતિમત્તાને કોરાણે મુકવા માટે રાજકારણીઓ કઇ હદે જઇ શકે છે તે જોઇને પ્રજાનામ મનમાં અત્યંત ઘ્રુણા ઉપજે છે. પરંતુ જ્યાં નાણાંકીય કોથળીઓ ખુલ્લી મુકી દેવાય ત્યાં સહુના હાથ હેઠા પડે છે.માલમત્તા અને સત્તા મળતી હોય ત્યાં કોણ તેને છોડી શકે તે એક સવાલ હાલના સમયમાટે અઘરો છે.ભાજપ હોય કે કોંગ્રેસ,દેવીલાલ હોય કે દેવગોડા, નાયડુ હોય કે વાઘેલા બધાજ સરખા છે. સત્તા મેળવવા ખેલેલા ખેલમાં આ બધાજ પાવરધા ખેલાડીઓ છે અને હતા.

હવે સત્તા મેળવવા માટે પુરતા ધારાસભ્યોને એકજુથમાં રાખવા માટે રાજ્ય બહારના રીસોર્ટમાં લઇ જવા,જાત્રાઓ કરવા લઇ જવા,એમ વિવિધ મનોરંજન કરાવવા વિગેરે લટકામાં મળતુ હોય છે.તેથી લાલચે ખેંચાઈ જનારાની સંખ્યા વધુ છે. બહુ જ ઓછા લોકો સત્તા અને નાણાંની શેહમાં આવતા નથી.છેવટે ન્યાયાલયનો આશ્રય લઈને પણ કાયદાની આંટીઘુટીઓમાં ફસાવીને રાજકારણીઓ સત્તા મેળવવા ઝનુની લડાઇલડતા રહે છે.

દેશના રાજકારણમાં દિવસે દિવસે ભ્રષ્ટતાના વકરતા જતા દુષણને ડામવા માટે કોઇપણ રાજકારણી કે પક્ષ તૈયાર નથી.શુધ્ધ લોકશાહી વહેતી રહે અને દેશ તેમાં આબાદ રહે તેવું જોવાનું કાર્ય આ તમામ રાજકારણીઓનું છે છતાં તેમના હૈયે માત્ર લોભ,લાલચ, સત્તા અને કૌભાંડો સિવાય તેમને અન્ય કોઇમાં રસ નથી. જ્યારે ચુંટણીઓ આવે ત્યારે સુફીયાણી વાતો કરે છે. કોક લોકશાહી પર ખતરો છે એમ કહે છે પરંતુ તેના સુધાર માટે તેઓ શું કરી શકે છે તે કહેતા નથી. પરંતુ સ્વચ્છ રાજકારણની ઝંખના તેમનાથી થતી નથી.પક્ષાંતર વિરોધી ધારો અને સુપ્રીમ કોર્ટ દ્વારા સુચવાયેલા ફ્લોર ટેસ્ટના નિયમોમાં છટકબારીઓ શોધાઇ રહી છે.ત્યારે ભારતના રાજકારણને આવા દુષણોથી બચાવવા માટે કડક કાયદાની જરુરીયાત છે. પ્રજાનો ચુંટાયેલો પ્રતનિધિ જો મતદારોને છેહ દઇને જનાદેશનો દ્રોહ કરે તો એને રાજકારણમાંથી કમ-સે-કમ દસ વર્ષ માટે ચુંટણી લડવામાંથી ગેરલાયક ઠેરવવો જોઇએ. આ પ્રકારના કાયદા હોવા જોઇએ.જો ભારતીય રાજકારણ આજની તરાહ મુજબ ચાલતું રહેશે તો કોને ફાયદો અને કોને નુકશાન ના કાવાદાવાથી રાજકારણ ખદબદતું રહેશે.

જે કોઇ પક્ષ પલટો કરે પછી તે એકલો કે વધુ સંખ્યામાં હોય પરંતુ તેને પદ અને ફરીથી ચુંટણી લડવા પરથી દસ વર્ષ માટે નિષ્કાસિત કરવા તે અનુરુપ બાબત છે પરંતુ તે કોઇને સ્વીકાર્ય રહેશે નહીં. સત્તા માટે જ જીવતા રાજકારણીઓની લોલુપતા તેમને તેમ કરતાં રોકે છે.ખેર, દેશની પ્રજાએ પ્રજાને વફાદાર અને પક્ષને વફાદાર એવા રાજકારણીઓને જ મત આપવા જોઇએ તેવી પાકી સમજ જ્યાં સુધી ઉભી નહી થાય ત્યાં સુધી આજ ખેલ ચાલુ રહેશે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪





વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# રાજ્યમાં બે વર્ષમાં ૨૫૫ કરોડનો બિયર તથા દેશી-વિદેશી દારુ પકડાયો

ગાંધીને નામે દારુબંધી દાખલ કરીને ગુજરાતને દારુની બદીથી ખદબદતું રાખવા માટે કોણ જવાબદાર ? રાજ્યમાં બે વર્,માં રુ. ૨૫૫ કરોડનો બિયર તથા દેશી-વિદેશી દારુ પકડાયો.ગુજરાતમાં દારુબંધીનો ચુસ્ત અમલ કરવામાં આવે છે તેવી ડિંગો હાંકતી ગુજરાત સરકારે આપેલા આ આંકડા છે.આ આંકડા પરથી સાબિત થાય છે કે કહેવાતી દારુબંધીના નામે ગુજરાતમાં દારુની રેલમ છેલમ પાછળ કોક તો જવાબદાર છે. હવે તો બુટલેગરોને સ્થાને પોલીસ કર્મીઓ જ દારુના રેકેટ ચલાવતા માલુમ પડ્યા છે.અધિકારીઓની મીલીભગત હોવાથી ખુલ્લે આમ દારુ મળતો રહે છે.પોલીસ માત્ર પૈસા પડાવવાના હેતુથી જ દારુ પકડવાનું નાટક કરે છે.અનેક પોલીસ કર્મીઓ દારુબંધીની નિતીથી રોડપતિમાંથી કરોડોપતિ બની ગયા છે.રાજ્ય વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા પુછાયેલા પ્રશ્નોના લેખિત જવાબમાં ગૃહવિભાગ તરફથી આ માહિતી જાહેર કરાઇ હતી.જેમાં છેલ્લા બે વર્ષમાં રુ.૨૫૫ કરોડનો દારુ પકડાયો હોવાની માહીતી હતી.

# રાજકીય પક્ષોને વિદેશથી મળતા દાનની માહીતી આપવી પડશે

રાજકીય પક્ષોને હવે વિદેશમાંથી મળતા દાનની માહીતી આપવાની રહેશે. જો કે તેમને અગાઉ મળેલા વિદેશી દાનની માહીતી આપવાની રહેશે નહીં. ગત અઠવાડીયે રજુ કરાયેલા બજેટમાં આને સબંધિત જોગવાઇ કરવામાં આવી છે. રાજકીય પક્ષો પર નજર રાખતી સંસ્થા એસોસીએશન ઓફ ડેમોક્રેટિક રાઇટ્સ એડીઆર દ્વારા તાજેતરમાં જારી કરાયેલા રીપોર્ટમાં એવી માહીતી હતી કે પક્ષોને વિદેશોમાથી મળતા દાન પર અનેક પ્રકારની ગરબડ થઇ હતી. દાન આપતી કંપનીઓના રેકોર્ડ અને દસ્તાવેજ અધુરા હતા. એવા પણ અહેવાલ હતા કે દાનની સૌથી વધુ રકમ ભાજપને મળી હતી. આ રિપોર્ટ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં મળેલા દાન પર આધારિત હતા.

એ રિપોર્ટ બાદ રાજકીય દળોને મળતા વિદેશી દાન અંગે સવાલો ઉઠી રહ્યા છે. આજ કારણ છે કે હવે આ મામલે સરકારે પગલું ભર્યુ છે. હવે નવી જોગવાઇથી પક્ષોને સત્તાવાર રીતે વિદેશી દાનની વિગત આપવી પડશે. જો કે અગાઉના વિદેશી દાનની જાણકારી ક્યારેય જાણવા ન મળે. જો કે સરકાર અને વિપક્ષોએ નવી જોગવાઇને આવકારી છે. કોંગ્રેસ સાંસદ વિવેક તન્ખાએ કહ્યુ છે કે હું આની તરફેણમાં છું. પારદર્શિતા હોવી જોઇએ. ભાજપ સાંસદ રાકેશ સિહાએ કહ્યુ કે ચુંટણીમાં સુદારની દિશામાં આ એક સારુ પગલું છે. આનાથી કોઇ પણ પાર્ટીને લાભ કે નુકશાન નહીં થાય.

રાષ્ટ્રીય પક્ષોને મળતા દાનમાંથી આશરે રુ.૨૨ કરોડ એવી કંપનીઓના હતા કે જેમના વિશે આ સ્પષ્ટ ન હતું કે તેઓ શું કામ કરે છે. બીજી બાજુ આશરે ૧૨૦ કરોડ આપનાર ૯૧૬ કંપનીઓના સરનામાનો કોઇ ઉલ્લેખ નથી.૭૬ કંપનીઓ એવી હતી કે જેના પાન ખાતાની જાણકારી નહતી. અને જેમણે પક્ષોને રુ. ૨ કરોડનું દાન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સરકારે અગાઉ રાજકીય પક્ષોને મળતાં દાનમાં પારદર્શિતાની વાત કરી હતી.પરંતુ એડીઆરના રિપોર્ટમાં આ વાત જાહેર થતાં તેના ઉપર સવાલો પેદા થયા હતા.જો કે હાલમાં માત્ર વિદેશમાંથી મળતાં દાનની માહીતી આપવી ફરજીયાત છે.પરંતુ દેશની બેનામી કંપનીઓ પાસેથી મળતા દાન અંગે હજુ કોઇ સ્પષ્ટતા કરાઇ ન હોવાથી પારદર્શિતાનો સવાલ જેમનો તેમ છે.

# બાલાકોટ એરસ્પેસ ભારત માટે બંધ રાખતી પાકિસ્તાન

બાલાકોટ એર સ્ટ્રાઇક બાદ પાકિસ્તાને પોતાની એરસ્પેસ બંધ કરી રાખી છે. હવે પાકિસ્તાને કહ્યુ છે કે ભારતની કોમર્શીયલ ઉડાનો માટે એ જ્યાં સુધી પોતાની એરસ્પેસ ખોલશે નહીં જ્યાં સુધી ભારતીય વાયુસેના અગ્રીમ એરબેઝથી લડાકુ વિમાનો હટાવશે નહીં. પાકિસ્તાનના નાગરિક ઉડ્ડયન સચિવ શાહરુખ નુસરતે સંસદીય સમિતિને આ માહીતી આપી હતી.

પુલવામાં આતંકી હુમલા બાદ બાલા કોટમાં જૈશ-એ-મોહમ્મદના આતંકી કેમ્પો પર ભારતીય વાયુસેનાએ કરેલા હુમલા બાદ પાકિસ્તાને ૨૬ફેબ્રુઆરીએ પોતાની એરસ્પેસ સંપુર્ણ રીતે બંધ કરી હતી. ડોન ન્યુઝના અહેવાલ અનુસાર વિમાનન સચિવ નુસરતે સેનેટની સ્ટેડિંગ કમિટીને જાણકારી આપી હતી કે એમના વિભાગે ભારતીય અધિકારીઓને સુચના આપી છે કે પાકિસ્તાનની એરસ્પેસ ભારત માટે ત્યાં સુધી ઉપલબ્ધ હશે નહીં જ્યા સુધી ભારત પોતાના એરફોર્સના યુધ્ધ વિમાનો અગ્રિમ બેઝકેમ્પોમાંથી હટાવશે નહીં.

નુસરતે વધુમાં કહ્યુ કે ભારત સરકારે અમને સંપર્ક કરીને એરસ્પેસ ખોલવાની વિનંતી કરી હતી. પાકિસ્તાને પોતાની ચંતા અંગે ભારતને વાકેફ કર્યુ છે કે ભારત પહેલાં પોતાના અગ્રિમ એરબેઝ કેમ્પથી પોતાના લડાકુ વિમાનો હટાવે.

જો કે આ પહેલા કેટલીક એવી જાહેરાતો કરવામાં આવી હતી કે પાકિસ્તાને પોતાની એરસ્પેસ ખોલી નાંખી છે. પરંતુ તે ફેક ન્યુઝ હતા.

# દુર્વ્યવહાર કરનાર ગમે તે હોય તેનો પાર્ટીમાંથી હાંકી કાઢવો જોઇએ : વડાપ્રધાન મોદી

મધ્યપ્રદેશમાં ઇંદોર નિગમના અધિકારીને ક્રિકેટ બેટથી માર મારવાના મુદ્દે વડાપ્રધાને અત્યંત નારાજગી વ્યક્ત કરતાં કહ્યુ હતું કે દુર્વ્યવહાર કરનાર ગમે તે હોય તેને પાર્ટીમાંથી હાંકી કાઢવા જોઇએ.રાજનીતીમાં શિસ્ત હોવી જરુરી છે.આ પ્રકારના કોઇપણ જાતના દુર્વ્યવહારને ચલાવી લેવાય નહીં.આ પ્રકારનો દુર્વ્યવહાર અસ્વીકાર્ય છે પછી તે ગમેતેનો પુત્ર હોય કે સભ્ય હોય.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



## સ્વિસ બેન્કમાં જમા થતાં કાળા નાંણાના સંગ્રહમાં ભારતનો ક્રમ ૭૪ : કુલ જમા નાણાંમાં ભારતનો હિસ્સો ૦.૦૭ ટકા

કાળા નાણાંના સંગ્રહ માટે જાણીતી સ્વિસ બેન્કોમાં ક્યા દેશના સૌથી વધારે પૈસા જમા થાય છે તેનો ખુલાસો થયો છે.સ્વીર બેન્કમાં પૈસા જમા કરાવવામાં જે દેશોની યાદી પ્રસિદ્ધ થઈ છે તેમાં બ્રિટનનો નંબર પ્રથમ છે.તો ભારતનો નંબર ૭૪મો આવે છે.સ્વીઝર્લેન્ડ સ્થિતિ આ બેન્ક દ્વારા જારી કરાયેલા આંકડાઓ પરથી જાણકારી મળી છે. ગત ર ભારત ૧૫માં ક્રમેથી છલાંગ લગાવીને સુચીમાં ૭૩માં સ્થાને હતો. સ્વિસ નેશનલ બેન્ક દ્વારા જારી વાર્ષિક બેન્કીંગ આંકડાઓમાં જણાવ્યાનુસાર વતા જયારે સ્વીસ બેન્કમાં ભારતીયો અને ભારતીય કંપનીઓના જમા પૈસાની આવે ત્યારે તે ઘણો પાછળ છે. અને આ બેન્કમાં વીદેશો દ્વારા જમા કુલ પૈસાનો લગભગ ૦.૦૭ ટકા છે. જયારે બીજી બાજુ આ બેન્કમાં પૈસા જમા કરાવવાના મામલે બ્રિટનના લોકો ટોચના ક્રમે છે. આ બેન્કમાં ૨૦૧૮ ના અંત સુધીમાં કુલ જમા ૨૬ ટકા પૈસા બ્રિટનના લોકોના છે. આ યાદીમાં બજી સ્થાને અમેરિકા છે અને ત્રીજા સ્થાને વેસ્ટ ઈન્ડીઝ આવે છે. ચોથો નંબર ફ્રાંસનો અને પાંચનો નંબર હોંગકોંગનો ચે.

## નોટબંધી બાદ દેશમાં ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં વધારો :ચલણી નોટોના સરક્યુલેશનમાં વધારો થયો : નાણાં મંત્રી નિર્મલા સીતારામને સ્વીકાર્યુ

મોદી સરકારના સમયના પહેલા કાર્યકાળમાં લાગુ કરાયેલી નોટબંધીના કારણે દેશમાં ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં વધારો થયો હોવાનું હવે સરકારે જાતે સ્વીકાર્યુ છે.લોકસભા સચિવાલય સંચાલિત નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટરે સમર્થન આપ્યું હતું કે દેશમાં નોટબંધી બાદ ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓમાં વધારો થયો છે. બિહારના સાંસદ સભ્ય રામપ્રીત મંડલે સંસદમાં આ અંગે કેન્દ્રીય નાણાંમંત્રી નિમર્લા સીતારામને સવાલ કર્યો હતો તેના જવાબમાં સીતારામને સ્વીકાર્યુ હતું કે નોટબંધી બાદ દેશમાં ચલણી નોટોનું સર્ક્યુલેશન વધ્યું છે.ચલણી નોટોના સર્ક્યુલેશનનો સબંધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે છે.

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામને સંસદમાં આપેલા જવાબમાં જણાવ્યુ હતું કે નવેમ્બર૨૦૧૬ બાદ દેશમાં ચલણી નોટોનું સરક્યુલેશન વધ્યું છે. ૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ દેશમાં રુપીયા ૧૭,૧૭૪ બિલિયન રુપીયાના મુલ્યની ચલણી નોટો સરક્યુલેશનમાં હતી. ૨૯ માર્ચ ૨૦૧૯ના રોજ દેશમાં૨૧,૧૩૭ બિલીયન રુપીયાની ચલણી નોટો ચલણમાં છે.

ઈકોનોમિક સર્વે ૨૦૧૬-૧૭ના વોલ્યુમ ૧ અનુસાર દુનીયાભરમાં ચલણી નોટોના સર્ક્યુલેશન સાથે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સીધો સબંધ છે. દેશમાં જેટલી ચલણી નોટો વધારે સરક્યુલેશનમાં હોય તેટલો જ ભ્રષ્ટાચાર વધુ હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે મોદી સરકારે૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ દેશમાં નોટબંધી લાગુ કરીને રુપીયા ૫૦૦ અને રુપીયા ૧૦૦૦ની નોટ ચલણમાંથી નાબુદ કરી હતી.

## સાઉદી અરેબીયાએ ભારતના હજ ક્વોટામાં ત્રીસ હજારનો વધારો કર્યો જેથી હવે બે લાખ મુસ્લીમો હજ કરી શકશે

ભારતમાંથી દર વર્ષે એક લાખ સિત્તેર હજાર લોકો હજ કરવા માટે સાઉદી અરબના મક્કા-મદીના જાય છે. પણ હવે એ સંખ્યા બે લાખની થશે.સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમંદ બિન સલમાન અને પીએમ નરેન્દ્ર મોદીની વચ્ચે થયેલી દ્વીપક્ષીય બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.સાઉદી અરબે ભારતના ક્વોટામાં ત્રીસ હજારનો વધારો કર્યો છે.

જાપાનમાં ચાલી રહેલા જી-૨૦ સમીટમાં મોદી અને સાઉદી અરબના ક્રાઈન પ્રિન્સ મોહમ્મંદ બિન સલમાન વચ્ચે દ્વીપક્ષીય ચર્ચા થઈ હતી. તેમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.મીડીયાને વિદેશ સચિવ વિજય ગોખલેએ હજ ક્વોટા વધારવામાં આવ્યો છે તેની માહીતી આપી હતી.તેમણે કહ્યુહતું કે ટુંક સમયમાં બે લાખ ભારતીય મુસ્લીમોને હજ કરવા માટેની તક મળશે.

જહોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

## ઉત્તર કોરિયાની ભુમિ પર પગ મુકનારા અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ



દુનિયાની મહાશક્તિ અમેરીકા અને ઉત્તર કોરીયા વચ્ચેના કડવા સબંધો હવે મીઠાસમાં પરિવર્તિત થઈ રહ્યા છે.અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ઐતિહાસિક પગલું ભર્યું છે.અત્યાર સુધીમાં એક પણ અમેરિકી પ્રમુખ ઉત્તર કોરિયાની ધરતી પર પગ મુક્યો નથી.ઉત્તર કોરિયાની ભુમિ પર પગ મુકનાર પ્રથમ અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ છે.ટ્રમ્પ અને દક્ષીણ કોરિયા અને ઉત્તર કોરિયાની વચ્ચેના બિન લશ્કરી વિસ્તારમાં કિમ જોગ ઉનને મળ્યા હતા. બંને નેતાઓએ મીડીયાના કેમેરા સામે હસતા હસતાં ગર્મ જોશીથી હાથ મિલાવ્યા હતા અને ફોટો સેસન માટે પોઝ પણ આપ્યા હતા.કિમ અને ટ્રમ્પ વચ્ચેની આ ત્રીજી મુલાકાત છે.

ટ્રમ્પે કહ્યુ હતું કે વિશ્વ માટે આ મહાન ક્ષણ છે.અને અહીં આવવું મારે માટે સન્માનની વાત છે.ટ્રમ્પે ટ્વિટર પર ઉત્તર કોરિયાની મુલાકાતની જાણકારી આપી હતી.હનોઈની ફેબ્રુઆરીની શિખર મંત્રણા તરફ ઈશારો કરતાં તેમણે કહ્યુ હતું કે હાથ મિલાવીને એકબીજાનું અભિવાદન કરીશું કારણ કે અમે વિયેતનામ બાદ મળ્યા નથી. એટલું જ નહીં પરુતં ટ્રમ્પે કિમને વ્હાઈટ હાઉસ આવવાનું પણ આમંત્રણ આપ્યું હતું. ઉત્તર કોરીયા આવવું મારે માટે ગર્વની વાત છે.કિમ જોગ ઉને પણ કહ્યુ કે આ મુલાકાત ટ્રમ્પ સાથેના તેમના સારા સબંધોને દર્શાવે છે. ઉત્તર કોરિયાની ધરતી પર પગ રાખવા બદલ કિમ જોંગે ટ્રમ્પનો આભાર માન્યો હતો.ટ્રમ્પે પણ કિમને વ્હાઈટ હાઉસ આવવાનું આમંત્રણ આપ્યું હતું.

## આસામમાં પુરની સ્થિતિ વણસી :૧૭ જિલ્લાઓમાં ૪ લાખ લોકોને અસર

આસામમાં પુરની સ્થિતિ વધુ વણસી છે. રાજ્યના ૧૭ જિલ્લાઓના ૭૦૦ ગામમાં ચાર લાખથી વધુ લોકો પુરના પાણીમાં ફસાયા છે. હુવાહાટીમાં બ્રહ્મપુત્રા નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે.સમગ્ર રાજ્યમાં ભેખડો ધસી પડવાની એકથી વધુ ઘટનાઓ નોધાઈ છે.પાછલા ૨૪ કલાકમાં રાજ્યમાં વરસાદ સબંધી ઘટનાઓમાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.સંખ્યાબંધ મકાનો પડી ગયા છે.બ્રહ્મપુત્રા નદી બે કે ત્રણ દિવસમાં જોખમી બનવાની સંભાવના છે.અન્ય નદીઓ દિખોવ,ધાનસરી, જિયા બરાલી,પુથીમારી અને બૈકી પણ ડેન્જર માર્કથી ઉપર વહી રહી છે.

પુર્વીય અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે.રાજ્યની સંખ્યાબંધ નદીઓમાં પુર આવ્યા છે. પાછલા નવ દિવસમાં વરસાદ સબંધી ઘટનાઓને કારણે ૧૪ લોકોના મોત નિપજ્યા છે.યુપીમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ નોધાયો છે.આસામના હવામાન ખાતાના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં રાજ્યમાં અનરાધાર વરસાદ ચાલુ રહેવાનો છે અને તેને કારણે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.

આમ દેશમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે અને અમુક વિસ્તારોમાં પાણીની તંગી વર્તાઈ રહી છે.આમ દેશ વધુ વરસાદ ને તંગીનો સામનો કરી રહ્યું છે.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ જીવનમાં વારંવાર આવે

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઈ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાક્યમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્વિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઈપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઈ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાસ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઈ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઈ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઈ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઈ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જ્યારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબોશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઈએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેને કોમનમેનને નવાઈ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઈપણ બાબતમાં નિરાં તે શ્વાસ લેવાની સગવડ થઈ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિંધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાછી અને સફળ પુરવાર થઈ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યું છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષણ આપે છે કારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેઈલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઈલાજ પુરવાર થાય છે.

એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઈજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જવાથી રોગનો સમયસર યોગ્ય ઈલાજ થઈ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઈ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ વિવાદનો પુરાવો નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો જુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશકિતના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ઘરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯), પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮), બોરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે. સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦) કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.

આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ
()સૌ.સંદેશ)

# વર્લ્ડકપ સેમી ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ઇગ્લેન્ડ ફાઇનલમાં પ્રવેશ્યુ

જેશન રોયની આક્રમક બેટિંગ અને અગાઉ ક્રિસ વોક્સ તથા આદિલ રસીદની વેધક બોલિંગની મદદથી ઈગ્લેન્ડ વર્તમાન વર્લ્ડકપમાં પોતાની આગેકુચ જારી રાખીને વર્લ્ડ કપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને હરાવીને ટુર્નામેન્ટની બહાર કરી દીધુ છે.આમ કપ જીતવા માટે ફેવરિટ બે ટીમો ભારત અને ઓસ્ટ્રેલીયા ફાઈનલ અગાઉ બહાર થઈ ગયા છે.ઈગ્લેન્ડે જીત મેળવીને ફાઈનલમાં પ્રવેશ કરતાં આ વખતે ક્રિકેટ જગતને નવો ચેમ્પીયન મળશે.લોડર્ઝ પર રમાનારી ફાઈનલ મેચમાં ઈગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે ચેમ્પીયનશીપ માટે જંગ ખેલાશે. ઈગ્લેન્ડ ચોથી વાર વર્લ્ડ કપની ફાઈનલમાં રમશે પરંતુ હજી સુધી તે ક્યારેય ફાઈનલ જીતી શક્યું નથી.ઓસ્ટ્રેલીયા પહેલી વાર સેમી ફાઈનલમાં હાર્યું છે.આ સિવાયની તમામ સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલીયા વિજયી રહ્યું છે.

## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.